‘તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે, મને ગમતું રે, આ તો કહું છું રે પાતળિયા તને અમથું રે’...

જહાંગીરાબાદમાં દોઢ કી.મી.ના ગુજરાતના સૌથી મોટા શેરી ગરબા

ઉધના શાંતિનગરમાં પોપ્યુલર એક્ટરની વેશભૂષાના ગરબા

સિટી જીમખાના, અઠવાલાઇન્સ

ચરોતર મંડળ, લાલદરવાજા

પી.કે. જેક્સ પેરો

બાબુરાવ મારી

બાદશાહ

લાજ બચાવવા કન્યા કમળ બની અને શરૂ થઈ કોરડા ઝીલવાની પરંપરા!

સુરતની ઐતિહાસિક શેરીઓમાં આસ્થા અને બલિદાનની અનેક અજાણી કથાઓ ઘરબાયેલી છે. આવી જ એક રૂંવાડા ઊભા કરી દેતી ગાથા જોડાયેલી છે ગોપીપુરાની મોટી છીપવાડમાં બિરાજમાન શ્રી ગોરબાઈ માતા સાથે.

પ્રાચીન લોકવાયકા મુજબ, દક્ષિણી ક્ષત્રિય પરિવારની દીકરી ગોરબાઈ ઘોઘારાણાના મંદિર નજીક આવેલા તળાવ કાંઠે કપડાં ધોવા ગઈ હતી. એ સમયે અચાનક વિધર્મી આક્રમણખોરો ત્યાં ધસી આવ્યા અને શોરબકોર મચાવ્યો. પોતાની લાજ અને આત્મસન્માન બચાવવા માટે આ ગભરાયેલી કન્યાએ ક્ષણનોય વિલંબ કર્યા વિના ઊંડા તળાવમાં પડતું મૂકી જળસમાધિ લઈ લીધી. સ્થાનિક લોકોએ હુમલાખોરોને તો ભગાડી મૂક્યા, પણ તળાવમાં ઊંડે સુધી શોધવા છતાં ગોરબાઈનો કોઈ પત્તો ન લાગ્યો; કિનારે માત્ર કપડાં અને વાસણો જ મળ્યાં.

> ગોપીપુરામાં સચવાયેલું ગોરબાઈ માતાનું આ સ્થાનક માત્ર પૂજાનું સ્થળ નથી, પણ સન્માન માટે આત્મસમર્પણ કરનાર દીકરીના દેવત્વનું પ્રતીક છે

આ ઘટના બાદ આસો વદ ચૌદસની રાત્રે પરિવારના વડવાઓને સ્વપ્નમાં દિવ્ય સંકેત મળ્યો: ~કાલે હું તળાવમાંથી બહાર નીકળીશ, મારી સ્થાપના કરજો@. બીજા દિવસે જ્યારે સ્વજનો આતુરતાપૂર્વક કિનારે રાહ જોઈ રહ્યા હતા, ત્યારે જળની સપાટી પર એક અલૌકિક કમળનું ફૂલ તરતું દેખાયું. એ પવિત્ર પુષ્પને વધાવીને વિધિવત્ સ્થાપના કરવામાં આવી. ભાદરવા વદ અમાસે સ્થાપના થયા બાદ સળંગ સાત દિવસ વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી. આ સ્થાનક સાથે જોડાયેલી સૌથી અચરજ પમાડે તેવી બાબત છે–’માતાજીનો કોરડો’. માતાજીના આદેશ મુજબ નવરાત્રીની સાતમની મધ્યરાત્રિએ મંદિરેથી વિશેષ કોરડો નીકળે છે. વર્ષો જૂની અડગ શ્રદ્ધા સાથે, જેમણે માનતા રાખી હોય તેવા ભાવિકો ચકલાની વચ્ચે ખુલ્લા ડિલે ઊભા રહીને પોતાના અંગ પર માતાજીના પવિત્ર કોરડાના ફટકા હસતા મુખે ઝીલે છે. ગોપીપુરાની સાંકડી ગલીઓમાં સચવાયેલું ગોરબાઈ માતાનું આ સ્થાનક માત્ર પૂજાનું સ્થળ નથી, પણ સન્માન, ત્યાગ અને લોકશ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. સુરતના ભવ્ય સાંસ્કૃતિક વારસાને માણવા આ ઐતિહાસિક ધામની મુલાકાત દરેક સુરતી માટે એક અનોખો અનુભવ બની રહે છે.

વિમ્મી વિષ્ણુ ચેવલી

સિવિલની ડેન્ટલ OPD હવે જૂના ટ્રોમા સેન્ટરના પહેલા માળે

સુરત: નવી સિવિલ હોસ્પિટલમાં દાંતની સારવાર માટે આવતા દર્દીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને ડેન્ટલ ઓપીડીનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અત્યાર સુધી જૂની બિલ્ડિંગમાં કાર્યરત ડેન્ટલ ઓપીડી હવે જૂના ટ્રોમા સેન્ટર બિલ્ડિંગના પહેલા માળે શરૂ કરવામાં આવશે. આ નવી જગ્યાએ ગુરુવારથી ડેન્ટલ ઓપીડી સંપૂર્ણપણે કાર્યરત થશે.

મોબાઇલ ચીલઝડપમાં ૧૦ વર્ષની કેદ

સુરત: રાંદેર વિસ્તારમાં મોબાઇલ ફોનની ચીલઝડપ કેસમાં સલાબતપુરાનાં આરોપી મુકેજ ઉર્ફે સ્ટેન રઉફ મુલતાણીને કોર્ટે ૧૦ વર્ષની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. તા.૦૭/૦૫/૨૦૨૨ના રોજ રાંદેર રૂપમ ટાવરની સામેથી પસાર થતાં ફરિયાદીના ખિસ્સામાંથી ચાદીના શર્ટના ખિસ્સામાંથી મોબાઇલ ફોન અચાનક ઝૂંટવી નાસી છૂટ્યો હતો. આ ગુનામાં ફરિયાદ પક્ષે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. ચુકાદો જાહેર કરતી વખતે આરોપી અદાલતમાં હાજર ન રહેતા, કોર્ટે તેની વિરુદ્ધ સજાનું વોરંટ કાઢીને બજવણી માટે નાયબ પોલીસ કમિશનર (ક્રાઇમ બ્રાન્ચ, સુરત)ને મોકલવા આદેશ કર્યો હતો.

દર્દીને હોસ્પિટલ દાખલ કરવાનો નિર્ણય વીમા કંપની ખોટો ઠેરવી શકે નહીં

સુરત: વરાછાના ફરિયાદી હિતેશ ચોવટીયાની પત્નીને ટાઇફોઇડ થતાં હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લીધી હતી. જે સારવારનો ક્લેઇમ વીમા કંપનીએ દાખલ થવાની જરૂર નહોતી તેવું કારણ આપીને નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ વંદના ગોહીલ, જીગ્નેશ હરિયાણી મારફતે ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ ગ્રાહક કોર્ટ (એડિશનલ)એ ફરિયાદીની તરફેણમાં ચુકાદો આપી સારવારના ખર્ચની રકમ રૂ.૫૪,૦૭૩ અને શારીરીક માનસીક ત્રાસના રૂ.૫,૦૦૦ વળતર ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

ચેક રિટર્ન કેસમાં આરોપીને અપાયેલી ટ્રાયલ કોર્ટની સજા રદ

સુરત: ચેક રિટર્ન કેસમાં આરોપી જેનીશ ખાટીવાળાને ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે મંજૂર કરી ટ્રાયલ કોર્ટનો ચુકાદો રદ કર્યો હતો. મણિભદ્ર ટ્રેડર્સના માલિક મુકેશ સાંકલેચાએ ખાદ્યતેલનો માલ વી.એલ. કોર્પોરેશનને વેચ્યો હતો. બિલ રૂ.૧,૪૦,૦૦૦નું હતું, જેની ચૂકવણીનો ચેક રિટર્ન થતાં ફરિયાદ થઈ હતી. જે કેસમાં આરોપી વિરુદ્ધ ચુકાદો આવ્યો હતો. જે હુકમની સામે આરોપીએ એડવોકેટ એસ. એચ. શાહ મારફતે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી.

સુરતનાં મોટા ભાગનાં મંદિરોમાં આઠમના દિવસે હવન થાય છે ત્યારે

અંબિકા નિકેતનમાં નોમના દિવસે હવનની 69 વર્ષ જૂની પરંપરા

પાર્લે પોઇન્ટના અંબિકા નિકેતન મંદિરમાં થતો પૂર્ણાહૂતિ હવન તેની આગવી ઓળખ છે

સુરત: પરંપરા મુજબ સુરતનાં મોટા ભાગનાં મંદિરોમાં નવરાત્રિની આઠમના દિવસે હવન કરવામાં આવે છે, પરંતુ પાર્લે પોઇન્ટ સ્થિત અંબિકા નિકેતન મંદિરમાં આ પરંપરાથી અલગ નોમના દિવસે હવન કરવામાં આવે છે. છેલ્લાં 69 વર્ષથી ચાલી આવતી આ વિશિષ્ટ ધાર્મિક પરંપરા આજે પણ અવિરત જળવાઈ રહી છે.

અંબિકા નિકેતન મંદિર સુરતના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. નવરાત્રિ દરમિયાન અહીં માતાજીના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઊમટી પડે છે. નવ દિવસ સુધી ચાલતી માતાજીની આરાધનામાં દરેક દિવસનું પોતાનું ધાર્મિક મહત્ત્વ હોય છે, ત્યારે નવરાત્રિની નોમના દિવસે યોજાતો હવન મંદિરની આગવી ઓળખ બની રહ્યો છે. સામાન્ય રીતે આઠમના દિવસે હવન કરવાની પરંપરા જોવા મળે છે, પરંતુ અંબિકા નિકેતનમાં નોમના દિવસે હવન યોજવાની પરંપરા વર્ષોથી અનુસરવામાં આવે છે. ધાર્મિક વિધિ-વિધાન અનુસાર હવનને નવરાત્રિની ઉપાસનાના મહત્ત્વપૂર્ણ અંગ તરીકે જોવામાં આવે છે. હવન દરમિયાન મંત્રોચ્ચાર સાથે અગ્નિમાં આહુતિ અર્પણ કરવામાં આવે છે. સમય બદલાયો, નવરાત્રિની ઉજવણીની રીતોમાં અનેક પરિવર્તનો આવ્યાં, પરંતુ અંબિકા નિકેતન મંદિરમાં 69 વર્ષથી ચાલી આવતી નોમના દિવસે હવન કરવાની પરંપરા યથાવત રહી છે.

રાંદેરમાં 55 વર્ષથી પ્લાયવૂડ પર કંડારેલી માતાજીની એક જ ફ્રેમ સામે ગરબા

વાંકલ સ્ટ્રીટમાં ૫૫ વર્ષ પહેલાં વડીલોએ માતાજીની સ્થાપનાની પરંપરા શરૂ કરી હતી

સુરત: નવરાત્રી એટલે આસ્થા, ભક્તિ અને રંગોનો ઉત્સવ, ત્યારે સુરતના રાંદેર સ્થિત વાંકલ ફળિયામાં નવરાત્રીનો નજારો કંઈક અલગ જ જોવા મળે છે. ૫૫ વર્ષ પહેલાં પુર્વજોએ શરૂ કરેલી પરંપરા આજે પણ વાંકલ ખારવા સમાજનાં ૭૦ ઘરોએ પરંપરાને સાચવીને બેઠાં છે. ૫૫ વર્ષ પહેલાં મર્યાદિત આવક સ્ત્રોત અને રંગકામ સાથે માતાજીની અતૂટ શ્રદ્ધામાં રંગાયેલો વાંકલ ખારવા સમાજનાં તે વખતના યુવાનોએ જાતે જ માતાજીની પ્રતિકૃતિ બનાવવાનો નિર્ણય લીધો અને પ્લાયવુડ પર માતાજીની મહિષાસુર વધની મૂર્તિનો આકાર આપવામાં આવ્યો અને આજે પણ પ્લાયવુડ પર કંડારેલી માતાજીની પ્રતિકૃતિને શ્રદ્ધા સાથે સ્થાપના કરી નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ અંગે માહિતી આપતાં અલ્પેશ આર્યએ જણાવ્યુ હતું કે ‘અમારા પુર્વજ કેશવભાઈ લિમજીભાઈ સારંગ સહિતનાં મહોલ્લોવાસીએ શરૂ કરેલી પરંપરાનુ પાલન આજે પણ કરીએ છીએ. જયારે નવરાત્રી ઉજવણીનાં ૫૦ વર્ષ પુર્ણ થયાં ત્યારે પાતળાં પ્લાયવુડ પર કંડારેલી માતાજીની મૂર્તિને એ જ ઢાંચામાં જાડા પ્લાયવૂડ પર કોતરવામાં આવી હતી. આજે પણ પરંપરા મુજબ પુજા કરવામાં આવે છે. શ્રી સમસ્ત વાંકલ ખારવા સમાજમાં છેલ્લાં પાંચ દાયકાથી ઘરેઘરે ગરબીની સ્થાપના કરવાની પરંપરા આજે પણ ઉત્સાહભેર જળવાઈ રહી છે. સમાજના દરેક ઘરમાં માતાજીની સ્થાપના કરવામાં આવે છે. સાથે સમાજના મંડપમાં પણ માતાજીની સ્થાપના કરી ધૂપ, દીપ, આરતી અને ગરબાની સાથે ભક્તિભાવપૂર્વક પૂજન કરવામાં આવે છે. સમાજના મોટા ભાગના લોકો અગાઉ રંગકામના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી યુવાનો પોતાની કલાત્મક આવડતથી ગરબીને વિવિધ રંગોથી આકર્ષક રીતે સજાવે છે. શેરીઓ અને ઘરના આંગણામાં રંગોળી પૂરવામાં આવે છે, જ્યારે રંગબેરંગી સાડીઓ અને અન્ય સુશોભનથી આખા ફળિયાને નવોઢા જેવો શણગાર આપવામાં આવે છે. દશેરાના દિવસે માતાજીને રથમાં બિરાજમાન કરી રાંદેર વિસ્તારમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે.

નવરાત્રિમાં અવાવરુ જગ્યાએ જતાં સાવધાન! યુવતીને ઘેરી લેવાઈ

લસકાણા પોલીસે ડેમો વિડીયો બનાવી સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવી

સ્ટ્રીટલાઇટ વિનાના ૧૪ સંવેદનશીલ રૂટ પર ‘SHE ટીમ’નું ચોવીસ કલાક પેટ્રોલિંગ

સુરત : નવરાત્રિ દરમિયાન ગરબા રમીને મોડી રાત્રે ઘરે પરત ફરતા યુવક-યુવતીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ દ્વારા વિશેષ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. લસકાણા પોલીસે ડેમો વીડિયો બનાવી અવાવરુ અને અંધારાવાળી જગ્યાએ રોકાવાથી કે પસાર થવાથી કેવા જોખમો ઊભાં થઈ શકે છે તે દર્શાવ્યું છે. બીજી તરફ, લસકાણા પોલીસ મથકની હદમાં સ્ટ્રીટલાઇટના અભાવે અંધારામાં રહેતા ૧૪ સંવેદનશીલ રૂટની ઓળખ કરી ત્યાં ચોવીસ કલાક પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે.

લસકાણા પોલીસ દ્વારા તૈયાર કરાયેલા ડેમો વીડિયોમાં પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ યુવક-યુવતી અંધારાવાળા અને અવાવરુ રસ્તા પર ટુ-વ્હીલર ઊભું રાખીને વાતચીત કરતાં દર્શાવાયાં છે. દરમિયાન મોઢે રૂમાલ બાંધેલા શખ્સો બાઇક પર આવી યુવક સાથે ઝપાઝપી કરી તેને ભગાડી મૂકે છે અને યુવતીને ઘેરી લે છે. યુવતી મદદ માટે બૂમો પાડે છે ત્યારે સાયરન વગાડતી પોલીસ વાન અને ‘SHE ટીમ’ સ્થળ પર પહોંચે છે. પોલીસ કર્મચારીઓ અસામાજિક તત્ત્વોને પકડી યુવક-યુવતીને સુરક્ષિત બચાવે છે. આ દૃશ્ય દ્વારા લોકોને સાવચેત રહેવા અને મુશ્કેલીના સમયે પોલીસની મદદ લેવા સંદેશ આપવામાં આવ્યો છે. લસકાણા પોલીસ મથકનાં મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર મીનાબા ઝાલાના જણાવ્યા મુજબ, પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટ્રીટલાઇટના અભાવે અંધારું રહેતું હોય તેવા ૧૪ સંવેદનશીલ રૂટ ઓળખવામાં આવ્યા છે. નવરાત્રિ દરમિયાન આવા નિર્જન માર્ગો પર કોઈ અણબનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચોવીસ કલાક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. મહિલાઓની સુરક્ષા માટે ‘SHE ટીમ’ પણ સતત સક્રિય રહીને આવા વિસ્તારો પર નજર રાખી રહી છે.

અફઘાની નાગરિકને બોગસ જન્મ પ્રમાણપત્ર બનાવી આપનારની વોન્ટેડની ધરપકડ

સુરત : ગત ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત ક્રાઇમ બ્રાન્ચે બોગસ દસ્તાવેજોના આધારે સુરતમાં રહેતા મૂળ અફઘાનિસ્તાનના નાગરિક મોહમદ આમીર જાવીદ ખાનને ઝડપી પાડ્યો હતો. મહારાષ્ટ્રના જાલનાના સાજુદ્દીન ઉર્ફે અગાજાને ૫ હજાર આપી મોહમદ આમીરનો જન્મ જાલનામાં થયો હોવાનું પ્રમાણપત્ર બનાવી આપ્યું હતું. ગુનો નોંધાયા બાદ સાજુદ્દીન ઉર્ફે અગાજાન શમશોદ્દીન સૈયદ (ઉં.વ. ૩૬) ફરાર થઈ મુંબઈના નાગપાડા વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. લાંબા સમયથી વોન્ટેડ રહેલા સાજુદ્દીને ગુજરાત હાઈકોર્ટમાંથી આગોતરા જામીન મેળવ્યા બાદ સુરત ક્રાઇમ બ્રાન્ચ સમક્ષ હાજરી આપી હતી. ત્યારબાદ પોલીસે તેની વિધિવત ધરપકડ કરી છે.

રવિવારની રજા માંગી તો છૂટ્ટી, 10 હજાર કારીગરોનો આજે સત્યાગ્રહ

ત્રણ શ્રમિક સંગઠનોના કામદારોનાં આજે સવારે 11 વાગ્યે કલેક્ટર કચેરીએ ધરણાં

સુરત : છેલ્લા ચાર મહિનાથી રજૂઆતો કરવા છતાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં અને રજાની માગણી કરનારા કારીગરોને નોકરીમાંથી છૂટા કરાતા હોવાના આક્ષેપ વચ્ચે તા.15 ઓક્ટોબરે સવારે 11 વાગ્યે સુરત કલેક્ટર કચેરી ખાતે સુરતના એમ્બ્રોઇડરી સહિત વિવિધ ઔદ્યોગિક એકમોના આશરે 10 હજાર શ્રમિકો ધરણાં કરશે એવો દાવો કરવામાં આવ્યો છે.

મજૂર મહાજન સંઘ અને ગુજરાત પ્રદેશ ઈન્ટુકના પ્રમુખ નૈષધ દેસાઈએ જણાવ્યું હતું કે શ્રમિકો શાંતિપૂર્ણ સત્યાગ્રહ કરશે. કારખાનાં ચાલુ રહે અને શ્રમિકોની માગણીઓ પણ રજૂ થાય તેવો પ્રયાસ છે. શ્રમિકોને અઠવાડિક રવિવારની રજા આપવા ઉપરાંત દર મહિનાની 1થી 7 તારીખ વચ્ચે કાયદા મુજબ મહેનતાણું ચૂકવવામાં આવે તેવી મુખ્ય માગ છે. અગાઉ ત્રણ વખત આવેદનપત્ર આપ્યાં હોવા છતાં ચેમ્બર, ફેક્ટરી ઇન્સ્પેક્ટર અને શ્રમ વિભાગ દ્વારા અસરકારક મધ્યસ્થી કરવામાં આવી ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

કારખાનેદારોના ગ્રુપમાં કારીગરોના વિડીયો વાયરલ કરવામાં આવે છે

આજે પત્રકારો સમક્ષ બેરોજગાર કારીગરોએ પોતાની આપવીતી રજુ કરી હતી. નોકરી ગુમાવનારા કારીગર આનંદ કુશવાહાએ જણાવ્યું હતું કે ફેક્ટરીમાં માત્ર રવિવારની રજા માગતાં તેમનો હિસાબ કરીને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમના આક્ષેપ મુજબ, કારખાનેદારોના ગ્રૂપમાં કારીગરોના વીડિયો વાયરલ કરવામાં આવે છે, જેથી અન્ય કારખાનેદારો તેમને નોકરીએ રાખતા નથી. શ્રમિકોને ઉશ્કેરણી કરનારા ગણાવી બ્લેકલિસ્ટ કરવામાં આવતા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. કુશવાહાએ કહ્યું કે તેઓ દોઢ મહિનાથી બેકાર છે અને પરિવારનું ગુજરાન ચલાવવા સંબંધીઓ પાસેથી રૂપિયા 500થી રૂપિયા 1,000 ઉછીના લઈને દિવસો પસાર કરી રહ્યા છે. કાલના મહાસત્યાગ્રહમાં મોટી સંખ્યામાં શ્રમિકો જોડાઈને રજા અને પગારના નિયમોનો અમલ કરાવવાની માગ કરશે.

ઉનમાં સગા ભાઈ, ભત્રીજાઓએ કરોડોનું મકાન પચાવી પાડ્યું

૨૬ થયેલા પાવર ઓફ એટોર્ની અને નકલી સોગંદનામાથી દસ્તાવેજ કરી લીધો

સુરત : ઉન પાટિયાની શાલીમાર સોસાયટીમાં રહેતા અને કલરકામની મંજૂરી કરતા અબ્દુલહમીદ અહમદઅલી સૈયદ (ઉ.વ.૪૦)એ ઉન ગામમાં જમીનમાં આવેલા પ્લોટ નં.૩ નું મકાન વર્ષ ૨૦૦૫માં કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ્યું હતું. ઘરકામ અને કોર્ટ કચેરીના કામકાજ માટે તેમણે પોતાના ભાઈ અબ્દુલ રશીદ અહમદઅલી સૈયદને વર્ષ ૨૦૧૮માં જનરલ પાવર ઓફ એટોર્ની બનાવી આપ્યો હતો. પાવર રદ કરાવ્યા બાદ આરોપી અબ્દુલ રશીદે પોતાના બે પુત્રો સૈયદ અબ્દુલ કાદીર અને સૈયદ અબ્દુલ રહેમાન સાથે મળી રૂપિયા ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર પાવર ઓફ એટોર્ની આજે પણ ચાલુ છે તેવું ખોટું અને નોટોરાઇઝ્ડ એફિડેવિટ ઊભું કર્યું હતું. જેના પર અબ્દુલહમીદની બોગસ સહી અને નકલી અંગૂઠાનું નિશાન મારી, આ રદ થયેલા પાવરના આધારે કિંમતી મિલકતનો વેચાણ દસ્તાવેજ બંને ભત્રીજાઓના નામે કરાવી લીધો હતો. સમગ્ર કૌભાંડની જાણ થતાં પીડિત ભાઈએ કોર્ટમાં દીવાની દાવો દાખલ કરવા સાથે ભેસ્તાન પોલીસ મથકે સગા ભાઈ સૈયદ અબ્દુલ રશીદ અહમદઅલી (ઉ.વ.૪૬ રહે, પઠાણ પાર્ક, બલેશ્વર, તા.પલસાણા) તથા બે ભત્રીજાઓ સૈયદ અબ્દુલ કાદીર અબ્દુલ રશીદ (ઉ.વ.૨૫ ધંધો- વેપાર રહે, શાલીમાર સોસાયટી, ઉન) તથા સૈયદ અબ્દુલ રહેમાન અબ્દુલ રશીદ (ઉ.વ.૨૨ ધંધો- વેપાર રહે, પઠાણ પાર્ક, બલેશ્વર, તા.પલસાણા, જિ. સુરત) સામે ફરિયાદ આપતા પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

6 ગરબા આયોજનમાં ફૂડ સ્ટોલમાં ગંદકી, 43ને નોટિસ, 116 નમૂના લીધા

સ્વચ્છતા અને હાઇજિનના નિયમોનું પાલન કરવા સૂચના; મનપાના પોતાના ફૂડ ફેસ્ટિવલમાંથી પણ 20 નમૂના લીધા

સુરત: શહેરની ખાનગી નવરાત્રિમાં ઊભા કરાયેલા ફૂડ સ્ટોલથી માંડીને સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત ફૂડ ફેસ્ટિવલ સુધી આરોગ્ય વિભાગે તપાસનો દોર લંબાવ્યો છે. મનપાની સત્તાવાર વિગતો મુજબ, શહેરનાં છ નવરાત્રિ આયોજનોમાં કુલ 116 ફૂડ સ્ટોલની તપાસ કરીને 113 ખાદ્ય નમૂના લેવામાં આવ્યા હતા, જ્યારે સ્વચ્છતા સહિતના નિયમોના ભંગ બદલ 43 નોટિસ આપવામાં આવી હતી. બીજી તરફ, પાલિકાના ફૂડ ફેસ્ટિવલમાંથી પણ 20 નમૂના લઈને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

સ્ટોલ પર ખાદ્ય પદાર્થો બનાવવાની અને પીરસવાની પ્રક્રિયામાં સ્વચ્છતા જાળવવી અનિવાર્ય બને છે. ભરથાણા ખાતે કેસરિયા નવરાત્રિ, ડુમસ રોડ પર સુવર્ણ નવરાત્રિ, શગુન ફાર્મ ખાતે ગરબી વારસો, સરસાણા કન્વેન્શન હોલ ખાતે ઓજી નવરાત્રિ, લા મેરિડિયન હોટલ સામે ગુજરાત ગરબા ગેલેક્સી અને ડી.બી. પટેલ ગ્રાઉન્ડ ખાતે યશવી નવરાત્રિના ફૂડ સ્ટોલની તપાસ કરવામાં આવી હતી.

આ છ આયોજનોમાં કુલ 116 સ્ટોલ તપાસવામાં આવ્યા હતા અને 113 ખાદ્ય નમૂના એકત્ર કરાયા હતા.

ક્યાં કેટલી તપાસ, કેટલા નમૂના અને કેટલી નોટિસ?

નવરાત્રિ આયોજન	તપાસેલા ફૂડ સ્ટોલ	લીધેલા નમૂના	નોટિસ
કેસરિયા નવરાત્રિ	24	32	5
સુવર્ણ નવરાત્રિ	22	16	13
ગરબી વારસો	8	8	2
ઓજી નવરાત્રિ	16	16	5
ગુજરાત ગરબા ગેલેક્સી	16	7	9
યશવી નવરાત્રિ	30	34	9

૨.૮૧ કરોડની ઇનામી ડ્રો સ્કીમમાં ઠગાઈ સાબિત કરવામાં DCB પોલીસ નિષ્ફળ

નાણાકીય વ્યવહારોના પુરાવા રજૂ ન થતાં પાંચ આરોપી છૂટી ગયા

સુરતઃ ‘શ્રી રામદેવ મિત્ર મંડળ’ નામે ઇનામી ડ્રો સ્કીમ ચલાવી ૭૫૧ સભ્ય પાસેથી કુલ રૂ.૨.૮૧ કરોડથી વધુની રકમ ઉઘરાવી છેતરપિંડી કર્યાના આક્ષેપસર ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ 2013ના કેસમાં કોર્ટે પાંચેય આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા.

આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ 420 અને 120(બી) તથા પ્રાઇઝ ચિટ્સ એન્ડ મની સર્ક્યુલેશન સ્કીમ્સ (બેનિંગ) એક્ટ, 1978ની કલમ 3, 4 અને 5 હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ, આ સ્કીમમાં કુલ ૭૫૧ સભ્ય જોડાયા હતા અને ૨૫ હપ્તા મારફતે કુલ રૂ.૨.૮૧ કરોડની રકમ એકત્રિત કરવામાં આવી હતી. તેમાંથી ત્રણ મારુતિ વાન-800, બે મારુતિ અલ્ટો કાર અને 40 સ્પ્લેન્ડર મોટરસાઇકલનાં ઇનામો આપવામાં આવ્યાં હતાં. બાકીની રકમનો આરોપીઓએ આર્થિક લાભ માટે ઉપયોગ કર્યો હોવાનો અને સભ્યો સાથે છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

કોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષના પંચ સાક્ષીઓ ફરી ગયા હતા. આક્ષેપને સમર્થન આપતી યાદીઓ, રસીદો, હિસાબી ચોપડા અને બેંક વ્યવહારોના પૂરતા પુરાવા રજૂ કર્યા નહીં. ફરિયાદી પોલીસ અધિકારીએ અગાઉની તપાસ અંગે જાણકારી ન હોવાનું કોર્ટમાં જણાવ્યું હતું.